ક્રમાંક:રાપબો/CGMS/૨૦૨૫/૨૬૧૮ - ૨૭૧૪

રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય,
સરકારી પુસ્તકાલયની સામે
સેક્ટર-૨૧, ગાંધીનગર
તા: ૬/03/૨૦૨૫

પરિપત્ર :-

વિષય :- મુખ્યમંત્રીશ્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા- CGMS -૨૦૨૫ પરીક્ષાના આવેદનપત્રો ભરાવવાનો સમયગાળો લંબાવવા બાબત.

સંદર્ભ :- જાહેરનામાં ક્રમાંક:રાપબો/જ્ઞા.સા.સ્કો.પરીક્ષા/૨૦૨૫-૨૬/૨૧૨૭-૨૨૨૩,તા.૨૪/૦૨/૨૦૨૫

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, સંદર્ભના જાહેરનામાથી 'મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના' અંતર્ગત સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૮નો સળંગ અભ્યાસ કરી ધોરણ-૮માં અભ્યાસ કરતા હોય કે ઉત્તીર્ણ થયેલ હોય અથવા આરટીઈ એક્ટ ૨૦૦૯ની કલમ ૧૨(૧)(સી)ની જોગવાઈ હેઠળ સ્વનિર્ભર શાળાઓમાં ૨૫%ની મર્યાદામાં જે તે સમયે ધોરણ-૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ-૮માં અભ્યાસ કરતા હોયકે ઉત્તીર્ણ થયેલ હોય,તેવા વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૨૯/03/૨૦૨૫, શનિવારના રોજ યોજવામાં આવનાર છે. જેમાં પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓના તા.૨૫/૦૨/૨૦૨૫(બપોરે ૨.૦૦કલાક) થી તા.૦૬/03/૨૦૨૫ના સમયગાળા દરમ્યાન સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરના www.schoolattendancegujarat.in પોર્ટલ પરથી ઓનલાઇન ફોર્મ ભરાવવાના ચાલુ છે. જેમાં નીચે મુજબની વિગતે આ પરીક્ષા માટે આવેદનપત્રો ભરવાનો સમયગાળો લંબાવવામાં આવે છે.

હવે આ પરીક્ષાના આવેદનપત્રો તા.૧૧/03/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરના www.schoolattendancegujarat.in પોર્ટલ પરથી ઓનલાઇન ફોર્મ શાળા દ્વારા ભરી શકાશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવી.

પરીક્ષા સંબંધિત વિગતોથી સતત માહિતગાર થવા માટે રાજય પરીક્ષા બોર્ડની વેબસાઇટ www.sebexam.org જોતા રહેવાનું રહેશે.

(પ્રકાશ.કે.ત્રિવેદી)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ: ૦૬/03/૨૦૨૫

**નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ.(સંબંધિત વિદ્યાર્થીઓના ધ્યાને મુકવા શાળાઓને જાણ કરવા સારૂ)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ.(સંબંધિત વિદ્યાર્થીઓના ધ્યાને મુકવા શાળાઓને જાણ કરવા સારૂ)
- શાસનાધિકારીશ્રી, તમામ.
- સ્ટેટ એમ.આઇ.એસ., વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર